**GJVD060025982025**

**RCS/105/2025**

**STATE BANCK OF INADIA MUKESHKUMAR**
**RASULABAD BRANCH**
**Vs.**
**KHALNTU SHENLU BHILALA**

---

**આંક–૧ નીચે હુકમ**

આજરોજ પોકાર કરાવતા વાદી બેંક તરફે તેમના પ્રતિનિધિ કે વાદી બેંકના વિ.વ.શ્રી હાજર નથી કે તેઓ તરફે કોઈ રીપોર્ટ નથી.

રેકર્ડ વંચાણે લેતાં, સદર દાવો વાદી બેંક ધ્વારા પ્રતિવાદી પાસેથી લેણી રકમ વસુલ મેળવવા દાખલ કરવામાં કરવામાં આવેલ છે. દાવાના કામે મુદત તા.૧૦/૧૦/૨૦૨૫ ના રોજ આંક–૦૪ વાળો પ્રતિવાદીને બજવવા મોકલેલ સમન્સ તેઓ બે વર્ષ પહેલા અવસાન પામેલાના બેલીફ શેરા સાથે પરત આવેલ છે અને સદરહુ કામ ત્યારબાદની મુદતમાં પ્રતિવાદીના વારસો જોડવા માટે મલત્વી રાખવામાં આવેલુ, પરંતુ ત્યારબાદ મુદત તા.૧૫/૧૧/૨૦૨૫, તા.૧૦/૧૨/૨૦૨૫, તા.૦૭/૦૧/૨૦૨૬, તા.૦૪/૦૨/૨૦૨૬, તા.૦૫/૦૩/૨૦૨૬ માં વાદી બેંક તરફે પ્રતિવાદીના વારસો જોડવા માટે કોઈ અરજી આપવામાં આવેલ નથી કે તેમના તરફે કોઈ હાજર રહેલ નથી. આમ, આ કામે વાદી બેંક તરફે મૈયત પ્રતિવાદીના વારસો જોડવામાં આવેલા નથી અને વાદી બેંકને મૈયત પ્રતિવાદીના વારસો જોડવા માટે ન્યાયના હિતમાં પાંચેક જેટલી મુદતો પણ આપવામાં આવેલ છે છતા તેમના તરફે પ્રતિવાદીના વારસો જોડવા માટે કોઈ તજવીજ હાથ ધરવામાં આવેલ નથી તેમજ રેકર્ડ ઉપર વાદી બેંકની સતત ગેરહાજરી

પણ વર્તાય છે. આમ વાદી બેંકને હાલનો દાવો આગળ ચલાવવામાં રસ હોય તેમ જણાતુ ન હોય અને પ્રતિવાદીના વારસો જોડવાના સ્ટેજમાં પાંચેક જેટલી મુદત સુધીમાં કોઈ ફેરફાર આવેલ ન હોય, જેથી હાલનો દાવો વાદીની ગેરહાજરી સબબ તથા પ્રતિવાદીના વારસો જોડવા માટે કોઈ પગલા લીધેલ ન હોવાના કારણોસર વાદી બેંકની કસુરના કારણે રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**આ હુકમ આજરોજ તારીખ:પાંચમી, માહે: માર્ચ, સને: ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.**

તારીખ:૦૫–૦૩–૨૦૨૬
વાઘોડીયા.

**(વિકાસ સિયોલ)**
પ્રિન્સીપાલ સીવીલ જજ,
વાઘોડીયા.
[યુ.આઈ.સી. નં.જીજે૦૧૩૫૭]

S.R.Tadvi